# સુધારેલ વળતર માટેના નિયમો તેમજ માર્ગદર્શિકા

(૧) આ યોજના કોવાડીયા જ્ઞાતિ પુરતી મર્યાદીત છે. જેમાં દસ વર્ષ પુરા અને ૭૦ વર્ષ પુરા થાય ત્યાં સુધીની વય ધરાવતી વ્યક્તિ આ સ્કીમમાં સભ્ય બની શકે છે. (કારોબારી તથા હોદેદારો દ્વારા વય મર્યાદા ૮૦ વર્ષ સુધી કરવા નક્કી કરેલ છે જે સામાન્ય સભા મંજૂર કરે ત્યાર બાદ અમલમાં આવશે)

(૨) આ યોજનામા જોડાયેલ કોઈપણ સભ્યનું અકસ્માતમાં મૃત્યુ થાય તો ૨૫,૦૦૦.૦૦ નું વળતર સામાજીક સુરક્ષા કોવાડીયા ટ્રસ્ટ દ્વારા આપવામાં આવશે. તથા ડેથ ક્લેમની રકમ ચુકવવામાં આવશે નહિ. જો સભ્ય ના અકસ્માતમાં બે હાથ, બે પગ કે બે આંખમાથી કોઇ પણ બે અંગ સંપુર્ણ અપંગ બનશે તો સિવિલ સર્જનના સર્ટીફીકેટ દ્વારા નક્કી કરવામાં આવશેતો રૂા. ૧૫,૦૦૦.૦૦ તથા સિવિલ સર્જનના સર્ટીફીકેટ દ્વારા ઉપર મુજબના કોઇ એક અંગ સંપુર્ણ અપંગ બને તો ડીસેબલમેન્ટ ના વળતર તરીકે ૧૦,૦૦૦.૦૦નુ વળતર ટ્રસ્ટ દ્વારા ચુકવવામાં આવશે. પરંતુ અકસ્માત થયેલ એફ.આઇ.આર.ની કોપી પી.એમ. રીપોર્ટ તથા ડેથ સર્ટીફિકેટની ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે.

(૩) સભ્ય બન્યા પછી છ માસ બાદ વળતર માટે હક્કદાર રહેશે.

**વૈદકીય રાહતો**

**(સુધારેલ નિયમો જે ૦૧-૦૪-૨૦૨૩ પછી લીધેલ સારવાર માટે અમલ માં આવશે)**

(૧) આ યોજના માં વળતર માટેની મહત્તમ મર્યાદા રૂા.૩૦,૦૦૦.૦૦ (/ત્રીસ હજાર) કરેલ છે. મોટી સર્જરી કે મોટા દર્દ ની સારવાર જેમાં ફિઝીશીયન ટ્રીટમેન્ટ / ડોક્ટર નો ચાર્જ / ઓપરેશન ચાર્જ તથા દવાના ખર્ચના ૫૦ ટકા વળતર આપવામાં આવશે. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેતો રુમ ખર્ચ એક દિવસના રૂા. ૩૦૦/- આપવામાં આવશે. જ્યારે આઈસીયુ / આઈસીસીયુમાં દાખલ કરવામાં આવેતો એક દિવસના રૂા.૬૦૦/-આપવામાં આવશે. તમામ સારવારની પ્રતિ વર્ષ મહત્તમ મર્યાદા રૂા. ૩૦,૦૦૦/-સુધીની છે.

(૨) એપેન્ડીસાઈટીસ / સારણગાંઠ / હર્નિયા / ભગંદર / પાઇલ્સ / નાકનો પડદો / કાનનો પડદો / પથરી / ટોન્સીલ/ વગેરે ઓપરેશન સારવાર ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધું રૂા. ૫૦૦૦/-વળતર આપવામાં આવશે.

(૩) આંખ અને મોતીયાના ઓપરેશન સભ્ય થયાના બે વર્ષ સુધી વળતરને પાત્ર નથી. પરંતુ બે વર્ષ બાદ મોતીયાના સાદા ઓપરેશનમાં ખર્ચના ૫૦ ટકા અથવા ૩૦૦૦/-વળતર આપવામાં આવશે. લેન્સ મુકવામાં આવેલ હશે તો રૂા. ૫૦૦૦/- ચુકવવામાં આવશે. રેટીના (પડદો)ના ઓપરેશનમાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુંમાં વધુ રૂા. ૭૫૦૦/-વળતર આપવામાં આવશે. મોતીયા-રેટીના માટે હોસ્પીટલમાં એડમીટ ન થયા હોયતો પણ માન્ય ગણાશે.

(૪) સુવાવડનો ખર્ચ વળતરને પાત્ર નથી. પરંતુ ગર્ભાશય ની કોથળી કાઢવાના સભ્ય બન્યા થી ચાર વર્ષ સુધી વળતરને પાત્ર નથી. ત્યાર બાદ ખર્ચના ૭૦૦૦/-તેમજ સીજેરીયન ઓપરેશનના રૂા.૫૦૦૦/-આપવામાં આવશે.

(૫) હોમીયોપેથીક અને આર્યુવેદીક ખર્ચના વળતર આપવામાં આવશે નહીં.

(૬) એન્જીયોગ્રાફી કરાવી હશેતો ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૩૦૦૦/-વળતર આપવામાં આવશે.

(૭) એનેસ્થેશીયા/ટીએમટી / સોનોગ્રાફી / ઈકો / ઈસીજી. પ્રત્યેકના ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૫૦૦/-વળતર આપવામાં આવશે.

(૮) લેબોરેટરી / એક્સરે / સીટીસ્કેન / એમ.આર.આઇ. પ્રત્યેકના ખર્ચના ૫૦ ટકા અથવા મહત્તમ મર્યાદા રૂા.૧૦૦૦/-આપવામાં આવશે.

(૯) એન્ડોસ્કોપી / ઓર્થોસ્કોપી ખર્ચના ૫૦ ટકા અથવા મહત્તમ રૂા. ૨૦૦૦/-વળતર આપવામાં આવશે.

(૧૦) કોસ્મોટીક સર્જરી તથા ઈલેક્ટીવ સર્જરી (રીકન્સક્ટીવ સર્જરી) વળતરને પાત્ર નથી. પરંતુ દાઝ્યા કે વાગ્યાના ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૫૦૦૦/-વળતરને પાત્ર ગણાશે. દાઝ્યાના કેસમાં ડોક્ટરના સર્ટીફીકેટ મુજબ ૬૦ ટકા ઉપર હોયતો લીમીટ સુધી અથવા ખર્ચના ૫૦ ટકા વળતર આપવામાં આવશે.

(૧૧) ઓકસીજન ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા.૨૦૦૦/-વળતર આપવામાં આવશે. (૨૧) કીડની ડાયાઅલીસીસ એક વખતના રૂા.૫૦૦/-અથવા વધુમાં વધુ એક વર્ષના રૂા. ૫૦૦૦/-સુધી વળતરને પાત્ર ગણાઅશે.

(૧૨) **બ્લડ** : એક બોટલ ના રૂા. ૧૦૦/- વધુમં વધુ રૂા. ૧૦૦૦/-વળતર આપવાઅમાં આવશે.

(૧૩) **કેન્સર** : કેમોથેરાપી એક વખતના રૂા. ૧૦૦૦/-અથવા વધુમાં વધુ એક વર્ષના રૂા. ૮૦૦૦/-સુધી વળતરને પાત્ર ગણાશે.

(૧૪) **રેડીએઅશન** : એક વખતના રૂા. ૩૦૦/-અથવા વધુમાં વધુ એક વર્ષના રૂા. ૭૫૦૦/-વળતર આપવામાં આવશે.

(૧૫) **પ્રોસ્ટેટ** : મહત્તમ રૂા. ૫૦૦૦/- અથવા ખર્ચના ૫૦ ટકા વળતર આપવામાં આવશે.

(૧૬) **ફુડ પોઈઝનીંગ** : ખર્ચના ૫૦ ટકા વળતર વધુમાં વધુ એક વર્ષના રૂા.૩,૦૦૦.૦૦ વળતર આપવામાં આવશે.

(૧૭) **વેન્ટીલેટર** : ખર્ચના ૫૦ ટકા વળતર વધુમાં વધુ ૫૦૦૦/-વળતર આપવામાં આવશે.

(૧૮) દવાઓના ખર્ચના ૫૦ ટકા અને વધુમાં વધુ રૂા. ૭૫૦૦/- વળતર આપવામાં આવશે.

(૧૯) કોઇ પણ સભ્યને હાર્ટએટેક આવ્યો હોયતો ઓછામાં ઓછા બાર માસ પહેલા સભ્ય બનેલા હોવા જોઇએ. તે વળતર ને પાત્ર ગણાશે.

(૨૦) રૂા.૧૦૦૦/- સુધીના ખર્ચની રકમ આ યોજના હેઠળ વળતરને પાત્ર નથી.

(૨૧) દાંતની સારવાર વળતરને પાત્ર નથી. એક્સીડન્ટના સંજોગોમાં જડબાના ઓપરેશન માટે વધુમાં વધુ રૂા. ૨૦૦૦/- વળતર આપવામાં આવશે.

(૨૨) સાંધાના રીપ્લેસમેન્ટમાં પહેલા ચાર વર્ષ સુધી વળતરને પાત્ર નથી. (દા.ત. ઢાંકણી બદલવી/બોલ બદલવો.)

(૨૩) કોઈપણ રોગની બાયોપ્સી ખર્ચના ૫૦ ટકા અને માં વધુંમાં વધુ રૂા. ૨,૦૦૦/- વળતર આપવામાં આવશે.

(૨૪) બ્લેડરની સર્જરી માટે ખર્ચના ૫૦ટકા અથવા વધુમાં વધુ રૂા. ૨૦૦૦/- વળતર આપવામાં આવશે.

(૨૫) આંખના નંબર ઓછા કરવા અથવા કઢાવવા માટે કોઈપણ જાતનું ઓપરેશન ખર્ચ મળવાપાત્ર નથી.

(૨૬) કીડની ફેઈલ/ટ્રાન્સપ્લાન્ટના રોગમાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુંમાં વધુ રૂા.૩૦,૦૦૦/- વળતર આપવામાં આવશે.

(૨૭) પેરાલીશીશમાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુંમાં વધુ રૂા. ૫,૦૦૦/- વળતર આપવામાં આવશે. (ફીજીયોથેરાપી સાથે.)

(૨૮) માણસ કોમામાં આવી જાય ત્યારે ખર્ચના ૫૦ ટકા અથવા વધુંમાં વધુ રૂા.૩૦,૦૦૦/- વળતર આપવામાં આવશે.

(૨૯) કરોડરજ્જુના મણકા માટે તેમજ કોઈપણ જાતનો ડીસ્ક પ્રોબ્લેમ થાયતો હોસ્પીટલમાં દાખલ થયેલ હોય તોજ ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ સ્પાઈન ઓપરેશન હોયતો રૂા. ૩૦,૦૦૦/- વળતર આપવામાં આવશે.

(૩૦) ધોરી નસની તકલીફમાં હોસ્પીટલમાં દાખલ થયેલ હશેતો ખર્ચના ૫૦ ટકા અથવા વધુંમાં વધુ રૂા. ૩,૦૦૦/- વળતર આપવામાં આવશે.

(૩૧) કમળો (જોન્ડીસ) થયેલ હોય અને હોસ્પીટલમાં દાખલ થયેલ હોયતો ખર્ચના ૫૦ ટકા અથવા વધુંમાં વધુ રૂા. ૨,૦૦૦/- વળતર આપવામાં આવશે.

(૩૨) લીવરનું ઓપરેશન કરાવવામાં ખર્ચના ૫૦ ટકા અથવા વધુંમાં વધુ રૂા. ૩૦,૦૦૦/- વળતર આપવામાં આવશે.

(૩૩) હાર્ટની એન્જીયોપ્લાસ્ટી કે બાયપસ સર્જરી કરાવવમાં આવશે તો એન્જીઓગ્રાફીનો ખર્ચ અલગથી મળશે નહી. મહત્તમ મર્યાદા રૂા. ૩૦,૦૦૦/-માં આવી જશે.

(૩૪) આંતરડા તથા પિત્તાશય માં ઓપરેશનના ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૩૦૦૦/- વળતર આપવામાં આવશે.

(૩૫) એનીમીયામાં ખર્ચના ૫૦% અથવા વધુમાં વધુ ૫૦૦૦/ગેસ્ટરીક /અલ્સરમાં ખર્ચના ૫૦% અથવા વધુમાં વધુ રૂા. ૩,૦૦૦/- ન્યૂમોનીયામાં ખર્ચના ૫૦% અથવા વધુમાં વધુ રૂા.૩,૦૦૦/-, સ્વર પેટી માં સોજામાં ખર્ચના ૫૦% અથવા વધુમાં વધુ રૂા. ૩,૦૦૦/-, ડેંગ્યુ માં ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા.૫,૦૦૦/- વળતર આપવામાં આવશે.

(૩૬) ચિકનગુનિયા તથા યુરિન ઈન્ફેક્શન (૦૧) માટે મહત્તમ રકમ રૂા.૨,૦૦૦.૦૦ નક્કી કરવામાં આવી તેમજ સારવાર માટે હોસ્પીટલાઈજેશનની જરુરીયાત રહેશે નહી પરંતુ લેબોરેટરીનો રીપોર્ટની આવશ્યકતા રહેશે તેમ નક્કી કરવામાં આવ્યું

(૩૭) હોસ્પીટલમાં દાખલ થયા હોયતો વધુમાં વધુ રૂમ ચાર્જ દસ દિવસનો આપવામં આવશે. તથા આઇ.સી.યુ.માં વધુમાં વધુ પાચ દિવસનો રૂમ ચાર્જ આપવામાં આવશે,

(૩૮) ફેમીલી ડૉક્ટરનું આખા વર્ષનું બધા દર્દોનું ભેગુ બિલ વળતર ને પાત્ર નથી.

(૩૯) ડૉક્ટરની કન્સલટન્સી ફી તથા ડોક્ટરની વિઝીટ ફી અને નસીંગ ચાર્જ વળતરને પાત્ર નથી

(૪૦) વિમા કંપનીના નિયમ મુજબ ઓછામાં ઓછા એક દિવસ ઇન્ડોર પેશન્ટને દાખલ થવું જોઇશે. તોજ મેડીક્લેઇમને પાત્ર ગણાશે.

કેન્સર, ડાયાલીસીસ, રેડીએશન, ચીકનગુનિયા તેમજ મોતીયા અને રેટીનાની સારવાર માટે ૨૪ કલાક હોસ્પીટાલાઇજેશન ની જરૂરીયાત નથી.

(૪૧) ઉપરોક્ત દરેક દર્દોમાં ડૉકટરનું પ્રિસ્ક્રીપશન તથા કેશમેમોના બીલ અવશ્ય રજુ કરવાના રહેશે. ઝેરોક્ષ કોપી ચાલશે. બીલો જેતે વર્ષના ત્રણ માસ સુધી વળતરને પાત્ર ગણાશે એટલેકે સારવાર લીધ્યાના ત્રણ માસની મર્યાદામાં બિલ મોકલી આપાવાનું રહેશે. સંસ્થાનું હિસાબી વર્ષ ૧ લી એપ્રિલ થી ૩૧ માર્ચ સુધીનું છે. મેડીક્લેઇમ માટે સંસ્થાનુ નિયત ફોર્મ સંપુર્ણ ભરી બીલ સાથે જોડી મોકલવાનું રહેશે.

(૪૨) દરેક ક્લેઇમ માટે મહત્તમ રૂા. ૦,૦૦૦.૦૦ તેમજ સમગ્ર લાઇફ ટાઇમ માટે વધુમાં વધુ રૂા. ૧,૦૦,૦૦૦.૦૦ ની મર્યાદા નક્કી કરેલ છે. એક વખત ક્લેઇમ લીધા બાદ સભ્ય તરીકે ૭૦ વર્ષ/૮૦ વર્ષ (સામાન્ય સભા ની મંજૂરી ને આધીન) પુર્ણ થયા બાદજ સભ્ય પદની રકમ પરત મળવા પાત્ર થશે.

(૪૩) સ્પોન્સર સભ્યને ૭૦ વર્ષ પુર્ણ થયા બાદ સભ્ય પદની રકમ પરત મળશે નહિ પરંતુ કોર્પસ ફંડ ખાતે જમા લેવામાં આવશે.

પરમ કૃપાળુ પરમાત્મા સૌને નિરોગી રાખે અને દીઘાર્યુ બક્ષે તેમેજ સુખી સંપન્ન બનાવે તેવી પ્રાર્થના.

સભ્યપદની રકમ બેન્ક ઓફ બરોડા સેવિગ્જ ખાતા નંબર - ૦૭૨૨૧૦૧૦૦૦૦૫૧૫૨ અથવા બેન્ક ઓફ ઇન્ડીયા સેવિગ્ઝખાતા નંબર-૨૪૦૨૧૦૧૧૦૦૦૧૮૭૪માં ભરી સ્લીપ તેમજ નવીન સભ્ય બનવાના ફોર્મ ભરી મોડાસા કાર્યાલય ખાતે મોકલી આપવાની રહેશે. ત્યારબાદ રસીદ મોકલવામાં આવશે.

ક્લેઇમ ફોર્મ તેમજ નવીન સભ્ય બનવા માટેના ફોર્મ અહેવાલમાં છાપેલા છે. તેમજ વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.